# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-05-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJ. BOARD- 12TH RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ 12 વિજ્ઞાન, સામાન્ય પ્રવાહ અને ગુજકેટનું પરિણામ જાહેર કર્યું છે.

આ વર્ષે સામાન્ય પ્રવાહનું 91.93, વિજ્ઞાન પ્રવાહનું 82.45 ટકા પરિણામ આવ્યું છે. ગયા વર્ષ કરતા આ વખતે સામાન્ય પ્રવાહના પરિણામમાં 18.66 ટકા અને વિજ્ઞાન પ્રવાહમાં 16.87 ટકાનો વધારો થયો છે.

સામાન્ય પ્રવાહમાં આ વર્ષે 3 લાખ 78 હજાર 268 પરિક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 3 લાખ 47 હજાર 738 પરિક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં એક લાખ 11 હજાર 132 પરિક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 91 હજાર 625 પરિક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થયા છે.

ધોરણ 12 સામાન્ય પ્રવાહના પરિણામમાં આ વખતે 99.61 ટકા પરિણામ સાથે છાલા પરીક્ષા કેન્દ્ર સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર રહ્યું છે. જ્યારે ખાવડામાં સૌથી ઓછું 51.11 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં 97.97 ટકા પરિણામ સાથે કુંભારિયા પરીક્ષા કેન્દ્ર સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર રહ્યું છે. જ્યારે સૌથી ઓછું પરિણામ 47.98 ટકા બોડેલી પરીક્ષા કેન્દ્રનું આવ્યું છે.

આ વર્ષે ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ 96.40 ટકા પરિણામ બોટાદ જિલ્લાનું તો 84.81 ટકા સૌથી ઓછું પરિણામ જુનાગઢ જિલ્લામાં નોંધાયું છે. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં 92.80 ટકા

પરિણામ સાથે મોરબી જિલ્લાનું સૌથી વધુ પરિણામ રહ્યું છે. તો સૌથી ઓછું 51.36 ટકા પરિણામ છોટાઉદેપુર જિલ્લાનું રહ્યું છે.

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં આ વખતે વિદ્યાર્થીઓનું 82.53 ટકા જ્યારે વિદ્યાર્થિનીઓનું 82.35 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓનું પરિણામ 89.45 ટકા જ્યારે વિદ્યાર્થિનીઓનું પરિણામ 94.36 ટકા પરિણામ આવ્યું છે. આ રીતે સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ સારું રહ્યું છે.

આ વખતે વિજ્ઞાન પ્રવાહમાં 127 શાળા, જ્યારે સામાન્ય પ્રવાહમાં 1 હજાર 609 શાળા 100 ટકા પરિણામ મેળવવામાં સફળ રહી છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં 19 અને વિજ્ઞાન પ્રવાહમાં 27 શાળા એવી રહી કે, જેનું પરિણામ 10 ટકા કે તથી ઓછું પરિણામ રહ્યું છે.

# STD 12$^{TH}$ RESULT- DIST.

ધોરણ- 12નું સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર થયું છે ત્યારે નર્મદા જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 69.63 ટકા જ્યારે સામાન્ય પ્રવાહનું 91.27 ટકા પરિણામ નોંધાયું છે.

નવસારી જિલ્લામાં સામાન્ય પ્રવાહનું 94થી વધુ જ્યારે જ્યારે વિજ્ઞાન પ્રવાહનું 85.76 ટકા પરિણામ જાહેર થયું છે.

સુરત જીલ્લાની વાત કરીએ તો, વિજ્ઞાન પ્રવાહનું 85થી વધુ જ્યારે સામાન્ય પ્રવાહનું 93 ટકાથી વધુ પરિણામ નોંધાયું છે.

મહેસાણા જિલ્લામાં સામાન્ય પ્રવાહનું 95. 39 જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં 85. 26 ટકા પરિણામ નોંધાયું છે.

તો કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં વિજ્ઞાન પ્રવાહનું 70.87 જ્યારે સામાન્ય પ્રવાહનું 91.42 નોંધાયું છે.

# STD 10TH RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 11 મેએ ધોરણ 10નું પરિણામ જાહેર કરાશે. જ્યારે માર્ચ મહિનામાં પરીક્ષા આપનારા ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના જે વિદ્યાર્થીઓ પોતાના પરિણામથી અસંતુષ્ટ છે, તેવા વિદ્યાર્થીઓ માટે સૌપ્રથમ વખત પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. પરીક્ષાર્થીઓને 'બેસ્ટ ઑફ ટૂ' એટલે કે, બંને પૈકી જે પરિણામ શ્રેષ્ઠ હશે તેનો લાભ મળશે.

ઉપરાંત આ વખતે ધોરણ 12નું સારું પરિણામ આવવા અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડના અધ્યક્ષ બંછાનિધિ પાનીએ કહ્યું કે, આ વખતે પ્રશ્નપત્રમાં પરિવર્તન કરવાથી પરિણામ સારું આવ્યું છે.

**(બાઇટ- બંછાનિધી પાની)**

# YOGA DAY COUNTDOWN

21 જૂને યોજાનારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને ધ્યાનમાં રાખીને ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલય (MDoNER) એ નવી દિલ્હીમાં વિજ્ઞાનભવન એનેક્સી ખાતે કાઉન્ટડાઉન ઇવેન્ટનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં યોગ પ્રેક્ટિસ દર્શાવવામાં આવી હતી.

મંત્રાલયના સચિવે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક આરોગ્યને પ્રોત્સાહન આપવા માટે યોગની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. ઉત્તર પૂર્વીય ક્ષેત્રનું વિકાસ મંત્રાલય યોગ દિવસ પહેલાં કાઉન્ટડાઉનનું આયોજન કરે છે.. જે યોગ દ્વારા આરોગ્ય અને કલ્યાણની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ભારતની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે.